**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

# કંપની સામાજિક ઉત્તરદાયીત્વનું ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે જોડાણ અને ખર્ચ વિશ્લેષણ

**જોષી મુકેશકુમાર પોપટભાઈ**
Social Worker: - NGO & CSR Division, Surat, Gujarat.
Email – profmukesh@gmail.com

**ટૂંકસાર:-** વૈશ્વિકરણ અને આર્થિક ઉદારીકરણના યુગમાં મોટા પાયા પર ઔધોગિક કરણમાં ખુબ વધુ પ્રમાણમાં કુદરતી સંશાધનો અને સામુદાયિક હિતોનો ભરપુર ઉપયોગ કરી ઔધોગિક વિકાસની સાથે આર્થિક પ્રગતી થઈ છે. કોર્પોરેટ વિશ્વ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં બોહોળાં ઉપયોગની સાથે હવા,પાણી,વૃક્ષો,જમીન વગેરે નો ઉપયોગ કરી ખાણ,ખનીજ,કુદરતી ગેસ,કોલસો ઉર્જા સહિતનાં ક્ષેત્રોમાંથી ખુબ મોટા પ્રમાણમાં આર્થિક વૃદ્ધિ અને વિકાસના લાભ મેળવી રહ્યા છે. કંપનીઓએ મેળવેલ ફાયદાઓમાં સ્થાનિક સમુદાય અને કુદરતી સ્ત્રોતોનું યોગદાન પણ ખુબજ મહત્વનું છે જેનાં વગર ઔધોગિક વિકાસ શકાય નથી. આથી જ કંપની કાયદા,૨૦૧૩ માં સી.એસ.આર પ્રવુતિને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવેલ છે,જેથી જે તે ઔધોગિક વસાહતો હેઠળ પ્રસ્થાપિત કંપનીઓ પોતાનાં આસપાસનાં વિસ્તારો કે પછી પ્રાદેશિક,રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ કુદરતી સંશાધનો અને સામુદાયિક હિતોની જાણવણી અને જતન કરી નિરંતર વિકાસ સાંધી શકે. પ્રસ્તુત પેપરમાં કંપની કાયદાની કલમ ૧૩૫ હેઠળ અનુસૂચી ૭ હેઠળ નિર્ધારિત પ્રવુત્તિઓમાં કોર્પોરેટ વિશ્વ દ્વારા સામાજિક જવાબદારી હેઠળ નોંધાવેલ છ વર્ષનાં ખર્ચનું વિશ્લેષણ કરેલ છે જેના આધારે સી.એસ.આર કાયદાની અસરકારકતાનો ખ્યાલ આવી શકે તેમજ નિર્ધારિત વૈશ્વિક ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે જોડાણ કરી આ કાયદો આવનાર સમયમાં વધુને વધુ સારી રીતે અમલીકરણ થઈ શકે. આ સંશોધન થકી જાણવા મળેલ છે કે પબ્લિક અને જુજ પ્રાઈવેટ કંપનીઓ સી.એસ.આર ખર્ચ કાયદા મુજબ કરી રહી છે પરંતુ હજુ પણ કંપની દીઠ સરેરાશ સી.એસ.આર ખર્ચ નફાની સરખામણીમાં ઓછો હોય તેવું લાગી રહ્યું છે. આથી વધુમાં વધુ કંપનીઓ કાયદામાં નિર્ધારિત ચોખ્ખા નફાનાં ૨% ખર્ચનું યોગ્ય આયોજન અમલીકરણ કરે તે ખુબજ જરૂરી છે તેમજ કાયદામાં નિર્ધારિત અનુસૂચી ૭ હેઠળની પ્રવુતિઓ શિક્ષણ,આરોગ્યની સાથે અન્ય પ્રવુતિઓને પ્રાધાન્ય આપી વિસ્તાર ની જરૂરિયાત મુજબ પોતનાં સી.એસ.આર બજેટમાં સાંકળી લે તે ખુબજ મહત્વનું છે, જેનાં માટે જરૂર જણાય તો સરકારશ્રીનાં વિભાગો,કોર્પોરેટ સી.એસ.આર.કમિટી નિષ્ણાતો અને ફિલ્ડ પર કામ કરતાં તજજ્ઞો તેમજ સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે મળી કાયદાની જોગવાઈઓ, પ્રવુતિઓ અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો ને સાંકળી અનુભવોના આધારે સર્વમંથન દ્વારા વિકાસલક્ષી આ કાયદાને હજુ વધુ અસરકારક કેવી રીતે બનાવી શકાય તે દિશામાં વધુ ને વધુ કાર્યરત રહે તો કાયદો સમાજ કલ્યાણ માટે ખુબજ ઉપયોગી બની રહેશે.

**ચાવી રૂપ શબ્દો:-** કંપની ધારો, સી.એસ.આર, કોર્પોરેટ, ટકાઉ વિકાસ, લક્ષ્યાંકો, સામાજિક ઉત્તરદાયીત્વ.

## ૧.પ્રસ્તાવના:-

કેન્દ્ર સરકારે નવી આર્થિક નીતિ અનુસાર જુનો કંપનીધારો (૧૯૫૬) રદ કરી તેની જગ્યાએ નવો કંપનીધારો (૨૦૧૩) અમલમાં મુક્યો છે જેમાં સી.એસ.આર ને વર્ષ ૨૦૧૪ થી કાયદાકીય જોગવાઈ હેઠળ લાવી સમગ્ર વિશ્વમાં ભારત આ પ્રકારનો સર્વપ્રથમ દેશ બની ગયો છે. કંપની એક્ટ,૨૦૧૩ માં કંપની સામાજિક જવાબદારી ને કોર્પોરેટ સામાજિક જવાબદારી તરીકે પણ ઓળખવામાં આવે છે જે સામાજિક,આર્થિક,પર્યાવરણ, ઉપભોગતા, કર્મચારી, કમ્યુનીટી ,શેરહોલ્ડર વગેરે જાહેર ક્ષેત્ર તેમજ પ્રત્યેક પ્રતિનિધિઓની પ્રવુતિ પર અસર કરે છે. કોર્પોરેટ સામાજિક જવાબદારી ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરીને કમ્યુનીટી વિકાસને પ્રોત્સાહિત કરી પ્રજાકીય હિતનું સંવર્ધન કરે છે અને પ્રજાના હિતને કેન્દ્રમાં રાખી અવરોધનારી પ્રવુતિ ઘટાડે છે અથવા દુર કરી કાયમી ઉકેલ લવાવવામાં મદદ રૂપ બને છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય જનસમુદાય, કુદરતી સંશાધનો અને નફાનાં હિતને સરખાપણે સાંકળી દેશનાં પર્યાવરણ, સામાજિક અને આર્થિક વિકાસમાં બહુમુલ્ય યોગદાન આપવાનો રહેલ છે.

કંપની કાયદા,૨૦૧૩ ની કલમ ૧૩૫ની પેટા કલમ ૧ હેઠળ ત્રણ શ્રેણી હેઠળ આવતી દરેક કંપનીઓએ સી.એસ.આર જોગવાઈઓનું ફરજિયાતપણે પાલન કરવાનું રહેતું હોય છે. જેમાં શ્રેણી (૧) મુજબ જે કંપનીનું ચોખ્ખું મુલ્ય રૂ ૫૦૦ કરોડ કે તેનાથી વધારે હોય અથવા શ્રેણી (૨) મુજબ જે કંપનીનો વાર્ષિક વકરો રૂ ૧૦૦૦ કરોડ કે તેનાથી વધારે હોય અથવા શ્રેણી (૩) મુજબ જે કંપનીનો ચોખ્ખો નફો રૂ.૫ કરોડ કે તેનાથી વધારે હોય તેવી દરેક કંપનીઓ તેના પાછલા ત્રણ વર્ષના સરેરાશ નફાના ઓછામાં ઓછા ૨ ટકા રકમ આગામી નાણાંકીય વર્ષમાં સામાજિક જવાબદારીના હેતુથી ઉપયોગમાં લેવી ફરજીયાત છે. આ બે ટકા રકમનાં અમલીકરણ માટે કાયદા હેઠળ આવતી દરેક કંપની કલમ ૧૩૫ મુજબ એક સ્વતંત્ર ડિરેક્ટરની સાથે વધુ ત્રણ ડિરેક્ટરનો સમાવેશ કરી સી.એસ.આર.સમિતિની રચના કરવામાં આવતી હોય છે. આ કમિટીની સી.એસ.આર કાયદાની અનુસૂચી ૭ માં દર્શાવામાં આવેલ વિષયો/મુદ્દાઓ ને આધારે પ્રવુતિઓ અને નીતિઓનું ગઠન કરવામાં નિર્ણાત્મક ભૂમિકા રહેતી હોય છે.(૪)

આ કમિટી ટકાઉ અને કાયમી વિકાસ,આસપાસનાં સમુદાયો અને ભાવી પેઢીનો વિચાર કરીને તેમજ કુદરતી સંપતિ અને પર્યાવરણનું જતન અને સંતુલન જાળવીને ઉદ્યોગની વૃદ્ધિ અને વિકાસને કેન્દ્ર સ્થાને રાખી કોર્પોરેટ સામાજિક જવાબદારી નિભાવતી હોય છે. આજ ટકાઉ અને નિરંતર વિકાસની કામગીરીનું આયોજન અને અમલીકરણ વૈશ્વિક સ્તરે પણ નક્કી કરવામાં આવે છે જેનું સભ્ય દેશો પાલન કરતાં હોય છે. સંયુક્ત રાષ્ટ્રની

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

સપ્ટેમ્બર,૨૦૧૫ માં ૧૯૩ સભ્યની મહાસભામાં ટ્રાન્સફોર્મિન્ગ અવર વર્લ્ડ: ધ ૨૦૩૦ એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ કરાર હેઠળ મુખ્ય ૧૭ મુદ્દાઓને સાંકળી ૧૬૯ લક્ષ્યાંકો નક્કી કરવામાં આવેલ છે જેને વર્ષ ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનું નક્કી થયેલ છે. ભારતની નવી ઔધોગિક નીતિ હેઠળ કોર્પોરેટ સામાજિક જવાબદારીની મદદથી વૈશ્વિક સ્તરે નક્કી થયેલ ટકાઉ વિકાસ લક્ષ્યાંકોમાં ભારત મહતમ યોગદાન કરવામાં સક્ષમ બની રહેશે.(૩) કંપની સામાજિક જવાબદારી અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો અંતર્ગત વર્ષ ૨૦૧૪ બાદ સરકારશ્રીનાં વિભાગો, વિવિધ શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સ્વતંત્ર અજેન્સીઓ દ્વ્રારા ચર્ચા વિચારણા, સશોધન અને મૂલ્યાંકન નાં આધારે જુદા જુદા મંચો પરથી ટકાઉ વિકાસ લક્ષ્યાંકોમાં કંપનીની સામાજિક જવાબદારી કાયદાને મહત્તમ કેવી રીતે સાંકળી શકાય એ અંગેની કામગીરી શરુ કરી દેવામાં આવી છે જે પૈકી કેટલાક અભ્યાસોને પ્રસ્તુત અભ્યાસ સાથે સાંકળી લેવામાં આવેલ છે.

## ૨.સાહિત્ય સમિક્ષા:-

ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બરસ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વ્રારા વર્ષ ૨૦૧૬ માં સી.એસ.આર કાયદાનાં અમલીકરણનો એક અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.જેનો મુખ્ય ઉદેશ કંપનીઓ દ્વ્રારા સી.એસ.આર.કાયદાનાં અમલીકરણ વિષે જાણવાનો હતો સાથે સાથે ઉધોગની વિવિધ એડમિનિસ્ટ્રેશન પ્રક્રિયામાં સી.એસ.આર કાયદાની સમન્વય પ્રક્રિયા સમજવી. આ સર્વે થકી કંપનીઓનું સી.એસ.આર. મેનજમેન્ટ, સી.એસ.આર.નીતિ, લોકઉપયોગી પ્રોજેકની ઓળખ,આયોજન અને અમલીકરણ તેમજ કાયદા હેઠળ નક્કી થયેલ સી.એસ.આર. નાણાંકીય ફાળવણી વિષે ખ્યાલ મેળવી શકાય. આ સર્વેમાં ૧૫૦ કંપનીઓએ ભાગ લીધો હતો જે પૈકી ૭૪% કંપનીઓએ સી.એસ.આર. કમિટીનું ગઠન કરેલ હતું, ૭૭% કંપનીઓનાં જણાવ્યાનુસાર કાયદાનાં અમલીકરણ બાદ તેઓનાં વર્ષ ૨૦૧૪_૧૫નાં સી.એસ.આર બજેટમાં વધારો થયો છે. જે આગામી વર્ષોમાં પણ હજુ વધારો થશે તેવું તેઓનું માનવું હતું. ૯૫% કંપનીઓનાં સી.એસ.આર પ્રોજેક્ટ સરકારશ્રી ની વિકાસ યોજનાઓને અનુરૂપ કામગીરી અમલીકરણ કરવામાં આવેલ છે જે પૈકી મુખ્ય ત્રણ યોજનાઓ સ્વચ્છ ભારત મિશીન, સ્કીલ ઈન્ડિયા અને રાષ્ટ્રીય આરોગ્ય મિશીન હેઠળ સી.એસ.આર કામગીરી કરવામાં આવે છે. ૨૧ % કંપનીઓનાં જણાવ્યા મુજબ તેઓ તેમનાં સી.એસ.આર.આયોજનમાં શિક્ષણ અને વોકેશનલ ટ્રેનીગને પ્રાથમિકતા આપવામાં આવે છે. સી.એસ.આર પ્રોજેક્ટના નાં લાભાર્થીઓ માં ૩૧% બાળકો, ૨૨% મહિલા, ૧૭% પર્યાવરણ, ૧૦% દિવ્યાંગ, ૨૦% અન્ય લાભાર્થીઓ (વૃદ્ધ, સ્પોર્ટ્સ મેન, સૈનિકો અને અન્ય ) ને ધ્યાને રાખી સી.એસ.આર બજેટ વાપરવામાં આવેલ હતું. જયારે નોંધનીય બાબતમાં ૪૬% કંપનીઓએ સી.એસ.આર કામગીરીનું થર્ડ પાર્ટી મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી.(૨)

યુનિવર્સીટી ઓફ ચિકાગો લો સ્કુલ દ્વ્રારા વર્ષ ૨૦૧૬ માં કંપની સી.એસ.આર કાયદાની અસરો પર એક અભ્યાસ કરવામાં આવ્યો હતો.આ અભ્યાસ મુજબ આ કાયદાનાં અમલીકરણ બાદ કંપનીની સામાજિક પ્રવુતિઓમાં વધારો થયો છે તેમજ કાયદાનાં અમલીકરણ પહેલા જે કંપનીઓ સામાજિક પ્રવુતિઓમાં ૨ % કરતાં વધારે રકમ ખર્ચ કરતી હતી તેવી કંપનીઓએ પોતાનું સી.એસ.આર બજેટ ઓછું કરીને કાયદાને આધિન ૨% કરવામાં આવેલ છે તેવી જ રીતે જે કંપનીઓનું સી.એસ.આર બજેટ ૨ % કરતાં ઓછું અથવા નહીવત હતું તેવી કંપનીઓ એ પોતાનું સામાજિક વિકાસનું બજેટ કાયદાને અનુરૂપ આયોજન કરતાં થયા હોવાનું માલુમ પડેલ છે. કેટલીક કંપનીઓ સામાજિક ઉત્તરદાયિત્વનાં આધારે પોતની કંપનીઓની જાહેરાત કરતાં હોવાનું પણ જાણવા મળેલ છે જે ખરેખર સામાજિક પ્રવુતિઓનો ભાગ નથી તેમજ કાયદાકીય રીતે આવી પ્રવુતિઓનાં ખર્ચને સી.એસ.આર બજેટ હેઠળ આવરી લેવાઈ છે. આ કાયદાના અમલીકરણ બાદ કંપની બિઝનેસમાં કોઈ ખાસ ફેરફાર થયો ન હોવાનું પણ આ અભ્યાસ હેઠળ જોવા મળ્યું હતું.(૧)

ગુજરાત સી.એસ.આર.આઉટલુક રીપોર્ટ.૨૦૧૭ માં ગુજરતમાં કાર્યરત ઉધોગ એકમો અને જેનો વર્ષ ૨૦૧૫_૨૦૧૬નાં નાણાંકીય વર્ષમાં સી.એસ.આર ખર્ચ ૧ કરોડ થી વધુ હોય તેવી ૧૬૦ કંપનીઓનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો. આ અભ્યાસમાં ૧૬૦ પૈકી ૧૭ પબ્લિક કંપનીઓ દ્વ્રારા રૂ. ૬૩.૮૬ કરોડ (સરેરાશ રૂ. ૩.૭૫ કરોડ) અને ૧૪૩ પ્રાઈવેટ કંપનીઓ દ્વ્રારા રૂ.૩૧૨ કરોડ (સરેરાશ રૂ.૨.૧૧ કરોડ) નો ખર્ચ ૬૯૬ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવ્યો હતો. જે કુલ રૂ. ૩૭૬ કરોડનો (સરેરાશ રૂ.૨.૩૫ કરોડ) જાણવા મળેલ હતો.આ ૧૬૦ કંપનીઓનાં કુલ ૬૯૬ સી.એસ.આર પ્રોજેક્ટ પૈકી ૧૮૮ પ્રોજેક્ટ (૨૭%) કંપની પોતે જાતે અમલીકરણ કરતી હોવાનું જાણવા મળેલ છે. જયારે ૧૫૮ પ્રોજેક્ટ (૨૩%) કંપની પોતાનાં ટ્રસ્ટ, ફાઉન્ડેશન કે પછી સેક્શન ૮ હેઠળ નોધાયેલ કંપની દ્વ્રારા તેમજ ૩૯૬ પ્રોજકેટ (૫૦%) ડોનેશન કે અન્ય એજન્સી મારફત સી.એસ.આર પ્રોજેક્ટ અમલીકૃત કરતાં હોવાનું જણાઈ આવેલ હતું. કુલ ૧૬૦ કંપનીઓ પૈકી ૧૨૨ કંપની (૭૬%) શિક્ષણ અને સ્કીલ ડેવલોપમેન્ટ (રૂ.૧૩૯ કરોડ), ૧૦૨ કંપની (૬૪%) ગરીબી,આરોગ્ય અને સ્વચ્છતા (રૂ.૧૪૬ કરોડ), ૪૫ કંપની (૨૮%) પર્યાવરણ સુરક્ષા (રૂ.૨૦ કરોડ),૪૨ કંપની (૨૬%) ગ્રામીણ વિકાસનાં પ્રોજેક્ટ (રૂ.૪૭ કરોડ) પર સૌથી વધુ કામગીરી કરતી હોવાનું જણવા મળેલ છે.જયારે મહિલા સશક્તિકરણ (રૂ.૭ કરોડ), ખેલ પ્રવુતિ અને સાંસ્કૃતિ અને કલા જાળવણી (રૂ.૩ કરોડ), તેમજ અન્ય સી.એસ.આર. અનુસૂચિમાં નિર્ધારિત બાકી રહેતા વિષયો પર ઓછા પ્રમાણમાં સી.એસ.આર.ખર્ચ કરતી હોવાનું જાણવા મળેલ હતું. જેમાં સ્લમ વિસ્તાર વિકાસ (રૂ.૦.૬૦ કરોડ) તેમજ ટેકનોલોજી અને સ્ટાર્ટ અપ પર કામ કરતી ઈન્સ્ટીટયુટ (રૂ.૦.૫૦ કરોડ) પર નહીવત ખર્ચ સી.એસ.આર હેઠળ થતો હોવાનું જોવા મળેલ.(૭)

કોર્પોરેટ અફેર્સ વિભાગને વર્ષ ૨૦૧૯ માં તેમના દ્વ્રારા ગઠન થયેલ સી.એસ.આર કમિટી પાસેથી સી.એસ.આર કાયદા અંગેનો ઉચ્ચ સ્તરીય અહેવાલ મળ્યો હતો. ભારત સરકાર દ્વ્રારા વર્ષ ૨૦૧૫ માં નવો કંપની ધારા,૨૦૧૩ હેઠળ વર્ષ ૨૦૧૪ થી અમલીકૃત કરાયેલ સી.એસ.આર.કાયદાની જોગવાઈઓનાં અભ્યાસ અર્થે આ ઉચ્ચતર કમિટીનું ગઠન કરવામાં આવેલ હતું કારણ કે સી.એસ.આર. અમલીકૃત કંપનીઓ દ્વ્રારા ઘણા બધા મુદાઓ પર વાંરવાર ખુલાસો કે પૂછ પરછ કરવામાં આવતી હતી તેમજ નવો કાયદો હોવાથી જે તે અમલીકરણ સંસ્થાયે કાયદાને અનુરૂપ અમલીકરણ પ્રક્રિયા અપનાવ્યા બાદ ધ્યાને આવેલ કાયદા યુક્ત ગુંચવણ સમજવી અથવા તો અમલીકૃત સંસ્થાઓ અને કર્મચારીઓ સાથે વિગતે ચર્ચા – વિચારણા કરીને સમજાણ આપવી ખુબ જ જરૂરી હતું. આ ઉપરાંત કાયદાનાં અમલીકરણ બાદ અનુસૂચી ૭ હેઠળ નક્કી થયેલ વિષયો પર કંપનીઓ દ્વ્રારા અમલીકૃત કરાયેલ પ્રોજેક્ટ,એક્ટીવીટી તેમજ પ્રોગ્રામ નું નાણાંકીય, સામાજિક અને પર્યાવરણની અસરોનું ઓડીટ થઈ શકે અને આગામી સમયમાં આ કાયદાને

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

વધુ સરળ અને વ્યાપક રૂપે કઈ રીતે અમલીકરણ કરવામાં આવે તેમજ જરૂરી જણાય ત્યાં કાયદાની માર્ગદર્શિકામાં સુધારો લાવી શકાય. આ અભ્યાસ માટે કમિટીએ કાયદાકીય રજીસ્ટર થયેલ કંપનીઓ એ માર્ચ,૨૦૧૯ સુધીમાં કોર્પોરેટ અફેર્સ ડીપાર્ટમેન્ટ હેઠળ નોંધાવેલ સી.એસ.આર. ખર્ચની વિગતો ધ્યાને લઈ અભ્યાસ કરેલ હતો. આ ઉપરાંત વિવિધ સેમિનાર અને જૂથ ચર્ચા થકી માહિતી એકત્રીત કરવામાં આવેલ હતી જે માહિતીનાં પૃથક્કરણ અને દસ્તાવેજીકરણ માટે નિમણુંક પામેલ કમિટી વર્ષ ૨૦૧૮ માં એક વખત અને વર્ષ ૨૦૧૯ માં બે વખત મળી સી.એસ.આર કાયદાની માર્ગદર્શિકા અંગેનો અહેવાલ ભારત સરકારશ્રીને સુપ્રત કરવામાં આવેલ હતો. આ રીપોર્ટમાં કંપની સી.એસ.આર.કમિટી, આયોજન બાદ પણ ન વપરાયેલ સી.એસ.આર.ફંડ, કેપિટલ અસ્ક્યામત, સ્થાનિક વિસ્તાર ને પ્રાથમિકતા, અનુસૂચી ૭ હેઠળ નક્કી થયેલ વિષયો અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો_૨૦૩૦ સાથે નું જોડાણ તેમજ આ લક્ષ્યાંકો પરીપૂર્ણ કરવામાં સી.એસ.આર. કાયદાની ભૂમિકા, કામગીરીનો વાર્ષિક એહવાલ તેમજ અમલીકૃત થયેલ કામગીરીઓનું થર્ડ પાર્ટી મૂલ્યાંકન જેવા ૨૫ મુદ્દાઓ પર વિગતે ચર્ચા કરી ભલામણો કરવામાં આવેલ છે. (૫)

## ૩.સંશોધન ઉદ્દેશ્ય:-

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય (૧) કોર્પોરેટ સામાજિક જવાબદારી ને સમજવી તેમજ અનુસૂચી ૭ માં નક્કી થયેલ મુખ્ય વિષયોની માહિતી મેળવી ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે સાંકળી લેવી જેથી (૨) કંપની સી.એસ.આર સમિતિ તેમજ સામાજિક જવાબદારીની કામગીરી સાથે સંકળાયેલ સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ઉપયોગી બની રહે તેમજ સી.એસ.આર ભંડોળનો વપરાશ કઈ કઈ કામગીરી હેઠળ કરવામાં આવી રહેલ છે તેનો ખ્યાલ મેળવી શકાય. (૩) સી.એસ.આર કાયદાનાં અમલીકરણ બાદ પબ્લિક અને પ્રાઈવેટ કંપનીનીઓનું સામાજિક,આર્થિક અને પર્યાવરણ જાણવણી માટે નું યોગદાન સમજવું.

## ૪.સંશોધન પદ્ધતિ:-

પ્રસ્તુત પેપરમાં ગૌણ માહિતનાં આધારે સી.એસ.આર કાયદાનાં અમલીકરણ બાદ નાણાંકીય વર્ષ ૨૦૧૪_૨૦૧૫ થી વર્ષ ૨૦૧૯_૨૦૨૦ નાં કુલ છ વર્ષમાં પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓએ અનુસૂચી ૭ હેઠળ નિર્ધારિત પ્રવુતિઓમાં થયેલ કુલ ખર્ચનું વિશ્લેષણ સરેરાશ અને ટકાવારી પધ્ધતિનો ઉપયોગ કરી હેતુઓની ચકાસણી કરવામાં આવેલ છે તેમજ કંપનીઓ દ્વારા કુલ ૨૭ કામગીરીઓ હેઠળ છ વર્ષમાં નોધાયેલ ખર્ચને ૧૭ ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે સાંકળી લેવામાં આવેલ છે. જેથી કંપનીઓ સામાજિક જવાબદારી હેઠળ ક્યાં ટકાઉ વિકાસ લક્ષ્યાંકો પર વધુ આયોજન અને અમલીકરણ કરી રહી છે તેનાં વિશ્લેષણ દ્વારા સંશોધનનો હેતુ પરિપૂર્ણ કરવામાં આવેલ છે.

## ૫. કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ પ્રવુતિઓ:-

કંપની કાયદો,૨૦૧૩ માં અનુસૂચી ૭ હેઠળ સી.એસ.આર કામગીરી માટે ચોક્કસ વિષયો અંતર્ગત જે તે કંપની પોતાનાં એકમની આસપાસનાં ગામો,તાલુકા અને જીલ્લા કક્ષાએ તેમજ જરૂરિયાત મુજબ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ ઓછા વિકસીત વિસ્તારોમાં કાયદામાં નક્કી થયેલ ચોક્કસ વિષયોને અનુરૂપ નીચે મુજબની પ્રવુતિઓનું હેઠળ જે તે કાર્યરત નાણાંકીય વર્ષની સી.એસ.આર. કામગીરી માટે તે જ વર્ષનાં પાછલા ત્રણ વર્ષના ચોખ્ખા નફાની સરેરાશ નાં બે ટકા રકમનું આયોજન કરવામાં આવતું હોય છે.

(૧) ભૂખ,ગરીબી અને કુપોષણ ઘટાડવામાં મદદ રૂપ થઈ શકે તે પ્રકારનું લાંબા ગાળાની કામગીરીનું આયોજન તેમજ સ્વસ્છ પીવાના પાણીની સુવિધા સાથે આરોગ્ય જાણવણી અને સેનિટેશન સુવિધાની કામગીરીની સાથે સ્વચ્છતા કોષ અને ગંગા સફાઈ અભિયાન જેવી રાષ્ટ્રીય સ્તર નક્કી થયેલ કામગીરીઓમાં સીધું યોગદાન આપી શકે છે.

(૨) ગુણવત્તા યુક્ત શિક્ષણને વિસ્તારવાની સાથે દિવ્યાંગ બાળકો માટેનું ખાસ શિક્ષણ અને તાલીમ વ્યવસ્થાની પ્રવુતિઓ તેમજ યુવાનો અને મહિલાઓ આજીવિકા મેળવી શકે તે મુજબનાં વોકેશનલ ટ્રેનીગ અને કૌશલ્ય અને મુલ્ય વૃદ્દિની પ્રવુતિઓને પણ ધ્યાને લેવામાં આવતી હોય છે.

(૩) જાતીય સમાનતા, મહિલા સશક્તિકરણ, મહિલાઓ અને વિધાર્થીઓ માટે રેહણાક/હોસ્ટલ સુવિધા,અનાથ આશ્રમ, વૃદ્ધાલ્યો, ડે કેર સેન્ટર જેવી કામગીરી થકી સમાજનાં વંચિત અને ગરીબ લોકોની સુખાકારી વધારવા માટેની કામગીરી કરી શકાય છે.

(૪) પર્યાવરણની જાણવણી,સુરક્ષા,દેખરેખની સાથે સાથે ટકાઉપણું જાણવામાં મદદ રૂપ બનતી કામગરીઓ જેવી કે ઔષધિય વનસ્પતિ અને પર્યાવરણ શુદ્દિકરણ વૃક્ષોનું વાવતેર અને વિસ્તાર વિકાસ, વન્ય જીવોનાં રહેણાંક વિસ્તારની જાણવણી, સામાજિક વનીકરણ, કુદરતી સંશાધનોની જાણવણીની સાથે જળ અને જમીન સુરક્ષા કામગીરી કરી શકાય છે તેમજ રાષ્ટ્રીય સ્તરે નક્કી થયેલ ઈકો સીસ્ટમ જાણવણી હેઠળ યોગદાન આપી શકાય છે.

(૫) રાષ્ટ્રીય સ્તરે નક્કી થયેલ હેરીટેજ જગ્યાઓની જાણવણી,સમારકામ તેમજ કલા અને સાંસ્કૃતિક વારસાઈનું જતન થઈ શકે તે મુજબની કામગીરી થઈ શકે છે તેમજ પરંપરાગત હસ્તકલાનાં ઉધોગોને પ્રોત્સાહન આપી તેનો ફેલાવો કરી શકાય છે. જાહેર પબ્લિક લાઈબ્રેરીનું નિર્માણ થકી લોક સુખાકારીમાં વધારો કરી શકાય છે.

(૬) સૈનિકોનાં પરિવાર નાં કલ્યાણ, દેખરેખ અને પુનહવસવાટ હેઠળની કામગીરીઓમાં કંપનીઓ મદદ રૂપ બની શકે.

(૭) બાળકો અને યુવાનોને રમત ગમત ની ટ્રેનીગ અને સ્પર્ધાનું આયોજન કરી ગ્રામ્ય કક્ષાએ ખેલ પ્રવુતિને વેગ આપવો તેમજ રાષ્ટ્રીય તેમજ ઓલમ્પિક અને પેરા ઓલમ્પિક રમતોને પ્રોત્સાહન પુરુ પાડી શકાય છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

(૮) દરેક કંપનીઓ રાષ્ટ્રીય કે રાજ્ય સ્તરે આવેલ લાંબા કે ટુંકાગાળાની આપત્તિઓમાં ભાગીદાર બની શકે છે તેમજ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ કાર્યરત સેવાકીય ફંડ કોષમાં સીધો ફાળો આપી શકાય છે. વંચિત વર્ગનાં સમુદાયો માટે રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત વિવિધ ડીપાર્ટમેન્ટ હેઠળ ચાલતી સામાજિક આર્થિક સુરક્ષા યોજનાઓમાં યોગદાન આપી શકે છે.

(૯) રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ માન્યતાઓ મેળવેલ હોય તેવા ઈન્સ્ટીટયુટો દ્વારા લોક ઉપયોગી અને સૃષ્ટિ જાળવણી માટે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જીનીયરગ તેમજ મેડીકલ ક્ષેત્રોમાં થતાં ઈનોવેટીવ સંશોધન અને જરૂરી કામગીરીઓમાં તેમજ વૈશ્વિક નિર્ધારિત ટકાઉ વિકાસનાં લક્ષ્યાંક પરીપૂર્ણ કરવામાં સી.એસ.આર હેઠળ કંપનીઓ સહભાગી થઈ શકે છે.

(૧૦) ગ્રામીણ વિસ્તાર તેમજ સ્લમ વિસ્તારો અને સમુદાયનાં સર્વાંગી વિકાસ માટેનાં પ્રોજેક્ટ કે પ્રોગ્રામનું મધ્યમ કે લાંબાગાળા માટે નું આયોજન કંપનીઓ કરી શકે છે અથવા સામાજિક,આર્થિક અને પર્યાવરણી ક્ષેત્રોમાં વિકાસ માટેનો બહોળો અનુભવ ધરાવતી સ્વેચ્છિક સંસ્થાઓ, રજીસ્ટરડ સોસાયટીઓ કે સેક્શન ૮ હેઠળ નોધાયેલ કંપનીઓને અનુદાન આપવાની જોગવાઈઓ કંપની એક્ટમાં સામેલ કરવામાં આવેલ છે. [૪]

**કોષ્ટક ક્રમાંક:- ૧**

**પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓ દ્વારા સામાજિક ઉત્તરદાયીત્વ હેઠળ થયેલ ખર્ચ (કરોડ)**

| વર્ષ | પબ્લિક કંપની | | પ્રાઈવેટ કંપની | | કુલ | | સરેરાશ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ખર્ચ | સંખ્યા | ખર્ચ | સંખ્યા | ખર્ચ | પબ્લિક કંપની | પ્રાઈવેટ કંપની | કુલ |
| ૨૦૧૪ -૨૦૧૫ | ૪૯૩ | ૨૮૧૭ | ૧૬૦૫૫ | ૭૨૪૯ | ૧૬૫૪૮ | ૧૦૦૬૬ | ૫.૭૧ | ૦.૪૫ | ૦.૬૧ |
| ૨૦૧૫ - ૨૦૧૬ | ૫૩૩ | ૪૨૧૫ | ૧૭૭૫૯ | ૧૦૩૦૩ | ૧૮૨૯૨ | ૧૪૫૧૮ | ૭.૯૧ | ૦.૫૮ | ૦.૭૯ |
| ૨૦૧૬- ૨૦૧૭ | ૫૫૦ | ૩૨૯૬ | ૧૮૯૯૯ | ૧૧૦૪૬ | ૧૯૫૪૯ | ૧૪૩૪૨ | ૫.૯૯ | ૦.૫૮ | ૦.૭૩ |
| ૨૦૧૭ - ૨૦૧૮ | ૫૩૫ | ૨૭૦૪ | ૨૦૯૧૫ | ૧૧૧૮૬ | ૨૧૪૫૦ | ૧૩૮૯૦ | ૫.૦૫ | ૦.૫૩ | ૦.૬૫ |
| ૨૦૧૮ - ૨૦૧૯ | ૬૦૯ | ૩૮૩૬ | ૨૪૩૨૩ | ૧૪૮૧૯ | ૨૪૯૩૨ | ૧૮૬૫૫ | ૬.૩ | ૦.૬૧ | ૦.૭૫ |
| ૨૦૧૯ - ૨૦૨૦ | ૧૪ | ૪૩૮ | ૧૦૬૧ | ૭૩૮૪ | ૧૦૭૫ | ૭૮૨૨ | ૩૧.૨૯ | ૬.૯૬ | ૭.૨૮ |
| **સરેરાશ** | **૪૫૬** | ૧૭૩૦૬ | **૧૬૫૧૯** | ૬૧૯૮૭ | **૧૬૯૭૪** | ૭૯૨૯૩ | | | |

સ્ત્રોત:- https://www.csr.gov.in/static_report.php [૬] (સંશોધકની ગણતરી આધારિત)

ઉપરોકત કોષ્ટક ક્રમાંક ૧ પરથી જણાય આવે છે કે વર્ષ ૨૦૧૪ _૨૦૧૫ થી વર્ષ ૨૦૧૯_૨૦૨૦ નાં કુલ છ વર્ષનાં સમયગાળામાં વાર્ષિક સરેરાશ ૧૬૯૭૪ પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓએ કુલ રૂપિયા ૭૯૨૯૩ કરોડ સામાજિક અને આર્થિક વિકાસની કામગીરી પાછળ ખર્ચ કરવામાં આવેલ છે. જેથી કહી શકાય કે સી.એસ.આર કાયદાનાં અમલીકરણ બાદ પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓ દ્વારા વાર્ષિક સરેરાશ પાંચ કરોડ રૂપિયા વિકાસની કામગીરી પાછળ ખર્ચ કરવામાં આવે છે. આ છ વર્ષમાં થયેલ કુલ ખર્ચ માં સરેરાશ ૪૫૬ પબ્લિક કંપનીઓ દ્વારા કુલ રૂપિયા ૧૭૩૦૬ કરોડ અને સરેરાશ ૧૬,૫૧૯ પ્રાઈવેટ કંપનીઓ દ્વારા કુલ રૂપિયા ૬૧૯૮૭ કરોડ ખર્ચની નોધણી સામાજિક ઉત્તરદાયત્વ હેઠળ નોધાવેલ હતી.

કંપની કાયદો_૨૦૧૩ માં સામાજિક ઉત્તરદાયીત્વની કામગીરી ફરજિયાતપણે એપ્રિલ_૨૦૧૪ થી અમલીકરણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪_૨૦૧૫ માં કુલ ૧૬૫૪૮ પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓએ આ કાયદા હેઠળ રૂ. ૧૦૦૬૬ કરોડ વિકાસનાં કામો પાછળ કર્યા હતા જેથી કુલ કંપની દીઠ થયેલ ખર્ચ જોવામાં આવે તો ફક્ત રૂ.૦.૬૧ લાખ જાણવા મળેલ છે. જેમાં પબ્લિક કંપનીએ રૂ. ૫.૭૧ કરોડ અને પ્રાઈવેટ કંપનીએ રૂ. ૦.૪૫ લાખ ખર્ચ કર્યા હતા જયારે વર્ષ ૨૦૧૫_૨૦૧૬, ૨૦૧૬_૨૦૧૭, ૨૦૧૭_૨૦૧૮, ૨૦૧૮_૨૦૧૯ અને ૨૦૧૯_૨૦૨૦માં પબ્લિક કંપની દીઠ ખર્ચ અનુક્રમે રૂ. ૭.૯૧, રૂ. ૫.૯૯, રૂ. ૫.૦૫, રૂ ૬.૩ અને રૂ. ૩૧.૨૯ કરોડ અને પ્રાઈવેટ કંપની દીઠ ખર્ચ અનુક્રમે રૂ. ૦.૫૮, રૂ. ૦.૫૮, રૂ. ૦.૫૩, રૂ ૦.૬૧ લાખ અને રૂ. ૬.૯૬ કરોડ સામાજિક ઉત્તરદાયીત્વની કામગીરી પાછળ થયેલ હોવાનું જાણવા મળેલ છે. અહી વર્ષ ૨૦૧૯_૨૦૨૦ માં સરેરાશ ખર્ચની રકમ ખુબજ વધુ હોવાનું માલુમ પડેલ છે કારણ કે પાછળનાં વર્ષોની સરખામણી ઓછી કંપનીઓનાં ખર્ચની વિગતો જાણવા મળેલ છે.

અહી પ્રસ્તુત નોધાયેલ આંકડા મુજબ સરેરાશ ૪૫૬ પબ્લિક કંપનીઓ દીઠ વાર્ષિક સરેરાશ રૂપિયા ૩૯.૯૭ કરોડ અને સરેરાશ ૧૬૫૧૯ પ્રાઈવેટ કંપનીઓ દીઠ વાર્ષિક સરેરાશ રૂપિયા ૩.૫૭ કરોડ ખર્ચની નોંધણી સામાજિક ઉત્તરદાયીત્વનાં નેજા હેઠળ કરેલ હોવાનું જાણવા મળેલ છે આથી કહી શકાય કે પબ્લિક કંપનીઓ દ્વારા સમાજિક ઉત્તરદાયીત્વની જવાબદારી વધુ સારી રીતે નિભાવવામાં આવી રહી છે. જયારે કાયદો લાગુ થયાનાં છ વર્ષ બાદ પણ જુજ પ્રાઈવેટ કંપનીઓને બાદ કરતા સરેરાશ પ્રાઈવેટ કંપનીઓનું સમાજિક ઉત્તરદાયીત્વમાં યોગદાન ઓછુ હોવાનું જાણવા મળેલ છે. કંપની એક્ટ_૨૦૧૩ મુજબ પાછલા ત્રણ વર્ષનાં ચોખ્ખાં નફાની બે ટકા રકમ સામાજિક ઉત્તરદાયીત્વ પાછળ ખર્ચ કરવાની જોગવાઈ હોવાથી કદાચ બની શકે કે સરેરાશ પ્રાઈવેટ કંપનીઓનાં પાછલા છ વર્ષમાં ચોખ્ખાં નફાની રકમ ઓછી હોય કે પછી કાયદાનું અમલીકરણ અને જોગવાઈનું પાલન કરવા માટે હજુ સુધી યોગ્ય માળખું કે લાંબાગાળાના વિકાસનાં કામોનું આયોજન ન કર્યું કે પછી યોગ્ય પ્રોજેક્ટ ન હોવાથી પ્રાઈવેટ કંપનીઓનો સામાજિક અને આર્થિક વિકાસની કામગીરી પાછળ નો ખર્ચ ઓછો હોઈ શકે જે વધુ સંશોધન અને ચર્ચાનો મુદો જણાય છે જેનાં નિષ્કર્ષ રૂપે વધુમાં વધુ પ્રાઈવેટ કંપનીઓ સામાજિક ઉત્તરદાયીત્વમાં યોગદાન આપી શકે.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

**૬. અનુસૂચી ૭ હેઠળ નિર્ધારિત પ્રવુતિઓ અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો_૨૦૩૦:-**

એકજ સમયગાળામાં અમલીકરણ થયેલ વૈશ્વિક ટકાઉ વિકાસ લક્ષ્યાંકો અને ભારતનો સી.એસ.આર કાયદો વૈશ્વિક,રાષ્ટ્રીય અને સ્થાનિક વિકાસની કામગીરી માટેનું ગુણવત્તા યુક્ત અને માપી શકાય તેવું મોડેલ ભારત સરકારશ્રી દ્વારા અપનાવામાં આવેલ છે. આ બન્ને મોડેલ માં ચોક્કસ વિષયો ને આધારિત પ્રવુતિ નક્કી કરવામાં આવેલ છે જે લગભગ બન્નેમાં એક સરખી જોવા મળે છે ફક્ત સી.એસ.આર કાયદા હેઠળ અનુસૂચી ૭માં નિધારિત પ્રવુતિઓ ઉદ્યોગ એકમની આસપાસનાં વિસ્તાર,સમુદાય આધારિત અને જરૂરિયાત મુજબ અમલીકરણ કરવામાં આવતી હોય છે જયારે આજ વિષયો પર આધારિત પ્રવુતિઓ સભ્ય સમૂહના દેશોએ સાથે મળી સામુહિક રીતે માપી શકાય તે રીતે ટકાઉ વિકાસ લક્ષ્યાંકો નક્કી કરેલ છે જેનાં પરિણામોનું મૂલ્યાંકન આંકડાકીય વિશ્લેષણ થકી વૈશ્વિક સ્તરે વર્ષ ૨૦૩૦ નાં અંતે જોઈ શકાશે. જયારે ટકાઉ વિકાસ લક્ષ્યાંકોનું મૂલ્યાંકન વર્ષ ૨૦૩૦ દરમ્યાન જોવામાં આવશે ત્યારે આ લક્ષ્યાંકોમાં ભારતનું યોગદાન પણ જાણવા મળશે જેથી ભારતની ઉદ્યોગ નિતી હેઠળ મુકવામાં આવેલ સી.એસ.આર કાયદાની અસરકારકતા,ઉપયોગીતા અને સફળતા કે પછી નિષ્ફળતાનો ખ્યાલ જાણવા મળશે. અહી કોષ્ટક ક્રમાંક ૨ માં કાયદાનાં અમલીકરણ બાદ ઉપરોક્ત નક્કી થયેલ કામગરીઓમાં પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓએ સી.એસ.આર હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૪_૨૦૧૫ થી વર્ષ ૨૦૧૯_૨૦૨૦ નાં છ વર્ષનાં સમયગાળા દરમ્યાન વિષય આધારતી વિવિધ પ્રવુતિઓમાં કરેલ કુલ ખર્ચની વિગત જાણી શકાય છે.

**કોષ્ટક ક્રમાંક:- ૨.**

**ટકાઉ વિકાસ લક્ષ્યાંકોમાં સામાજિક ઉત્તરદાયીત્વ હેઠળ થયેલ કામગીરી અને ખર્ચ (કરોડ)**

| ક્રમ | સી.એસ.આર. કાયદા હેઠળ નિર્ધારિત કામગીરી | ટકાઉ વિકાસ લક્ષ્યાંકો વર્ષ_૨૦૧૫ થી ૨૦૩૦ | ખર્ચ (૨૦૧૪ થી ૨૦૨૦) |
|---|---|---|---|
| ૧ | ➢ પર્યાવરણ જાણવણી<br>➢ કુદરતી સંશાધનોની જાણવણી<br>➢ પશુપાલન<br>➢ સામાજિક વનીકરણ<br>➢ ગંગા સફાઈ અભિયાન | ૬.સ્વચ્છ પાણી અને સ્વચ્છતા<br>૭. પોષાય તેવી અને સ્વચ્છ ઉર્જા<br>૧૧.નિરંતર શહેરો અને સમુદાયો<br>૧૩.કલાઈમેન્ટ પરિવર્તન લગતા પગલા<br>૧૪.સમુદ્રો અને દરિયાઈ જીવોનું સરંક્ષણ<br>૧૫.જળ અને જમીન ઈકોસીસ્ટમનું રક્ષણ અને પુનહ પ્રસ્થાપન | ૬૬૩૮<br>(૮.૩૭%) |
| ૨ | ➢ શિક્ષણ<br>➢ આજીવિકા પ્રોજેક્ટ<br>➢ કૌશલ્ય વિકાસ<br>➢ સ્પેસીફીક શિક્ષણ | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૨.ભૂખમરાની નાબુદી<br>૪.ગુણવત્તા યુક્ત શિક્ષણ<br>૮.સર્વગ્રાહી અને નિરંતર આર્થિક વૃદ્દિની સાથે ઉત્પાદકીય રોજગારને પ્રોત્સાહન | ૩૦૭૧૩<br>(૩૮.73%) |
| ૩ | ➢ આરોગ્ય<br>➢ ગરીબી, ખાદ્ય સુરક્ષા અને કુપોષણ<br>➢ સ્વસ્છ ભારત કોષ<br>➢ સ્વચ્છ પીવાનાનું પાણી | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૨.ભૂખમરાની નાબુદી<br>૩.સારું અને સુખાકારી આરોગ્ય<br>૬.સ્વચ્છ પાણી અને સ્વચ્છતા<br>૧૦. અસમાનતામાં ઘટાડો | ૧૯૫૨૪<br>(૨૪.૬૨%) |
| ૪ | ➢ રમત ગમત પ્રોત્સાહન | ૮.સર્વગ્રાહી અને નિરંતર આર્થિક વૃદ્દિની સાથે ઉત્પાદકીય રોજગારને પ્રોત્સાહન<br>૧૦. અસમાનતામાં ઘટાડો | ૧૦૦૦<br>(૧.૨૬%) |
| ૫ | ➢ સંસ્કૃતિ અને કલા જાણવણી | ૯.ઉદ્યોગ,નવનીકરણ અને સ્થિતિસ્થપાક આંતરમાળખું<br>૧૧.નિરંતર શહેરો અને સમુદાયો | ૧૦૬૪<br>(૧.૩૪%) |
| ૬ | ➢ મહિલા સશક્તિકરણ.<br>➢ સામાજિક,આર્થિક અને સમાનતા,<br>➢ મહિલા હોસ્ટેલ,<br>➢ વૃધાલય અને અનાર્થાલય સેવા | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૫.જાતિય સમાનતાની સાથે મહિલા સશક્તિકરણ<br>૧૦. અસમાનતામાં ઘટાડો | ૨૧૯૭<br>(૨.૭૭%) |
| ૭ | ➢ ગ્રામીણ વિકાસ પ્રોજેક્ટ<br>➢ કેન્દ્રીય વિભાગને મદદ,<br>➢ શોચાલય | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૨.ભૂખમરાની નાબુદી<br>૩.સારું અને સુખાકારી આરોગ્ય<br>૪.ગુણવત્તા યુક્ત શિક્ષણ<br>૯.ઉદ્યોગ,નવનીકરણ અને સ્થિતિસ્થપાક આંતરમાળખું | ૧૩૫૦૧<br>(૧૭.૦૩%) |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 9, Sept - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Received on : 15/09/2021 Accepted on : 25/09/2021 Publication Date: 30/09/2021

| | | | |
|---|---|---|---|
| ૮ | ➢ સ્લમ વિસ્તાર વિકાસ | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૨.ભૂખમરાની નાબુદી<br>૩.સારું અને સુખાકારી આરોગ્ય<br>૬.સ્વચ્છ પાણી અને સ્વચ્છતા<br>૭. પોષાય તેવી અને સ્વચ્છ ઉર્જા<br>૯.ઉદ્યોગ,નવનીકરણ અને સ્થિતિસ્થપાક આંતરમાળખું | ૨૫૩<br>(૦.૩૨%) |
| ૯ | ➢ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ફંડ કોષ,<br>➢ અન્ય વિકાસની કામગીરી | ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી<br>૨.ભૂખમરાની નાબુદી<br>૩.સારું અને સુખાકારી આરોગ્ય<br>૪.ગુણવત્તા યુક્ત શિક્ષણ<br>૬.સ્વચ્છ પાણી અને સ્વચ્છતા<br>૧૫.જળ અને જમીન ઈકોસીસ્ટમનું રક્ષણ અને પુનહ પ્રસ્થાપન | ૪૧૨૧<br>(૫.૨૦%) |
| ૧૦ | ➢ સૈનિક કલ્યાણ અને પુનહ વસવાટ,<br>➢ ઉદ્યોગ અને ટેક્નોલોજી સ્ટાર્ટપ | ૩.સારું અને સુખાકારી આરોગ્ય<br>૪.ગુણવત્તા યુક્ત શિક્ષણ<br>૮.સર્વગ્રાહી અને નિરંતર આર્થિક વૃદ્દિની સાથે ઉત્પાદકીય રોજગારને પ્રોત્સાહન<br>૯.ઉદ્યોગ,નવનીકરણ અને સ્થિતિસ્થપાક આંતરમાળખું<br>૧૨.નિરંતર વપરાશ અને ઉત્પાદન માળખાની ખાતરી<br>૧૩.કલાઈમેન્ટ પરિવર્તન લગતા પગલા | ૨૮૭<br>(૦.૩૬%) |
| | કુલ | | ૭૯૨૯૯<br>(૧૦૦%) |

સ્ત્રોત:- https://www.csr.gov.in/static_report.php (૬) (સંશોધકની ગણતરી આધારિત)

ઉપરોક્ત કોષ્ટક પરથી ખ્યાલ આવે છે કે છ વર્ષમાં કુલ રૂપિયા ૭૯૨૯૯ કરોડ નો ખર્ચ પબ્લિક અને પ્રાઈવેટ કંપનીઓએ સી.એસ.આર હેઠળ કરેલ છે. કુલ સી.એસ.આર ખર્ચની ૮૫ % રકમ મુખ્યત્વે ચાર ટકાઉ વિકાસ લક્ષ્યાંકો ૧. તમામ પ્રકારની ગરીબી નાબુદી ૨.ભૂખમરાની નાબુદી ૩.સારું અને સુખાકારી આરોગ્ય ૪.ગુણવત્તા યુક્ત શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે જેમાં આંશિક ખર્ચ અન્ય લક્ષ્યાંક ૬.સ્વચ્છ પાણી અને સ્વચ્છતા અને ૧૦. અસમાનતામાં ધટાડા પાછળ પણ કરવામાં આવેલ છે. ઉપરોક્ત લક્ષ્યાંકોમાં સૌથી વધુ ખર્ચ શિક્ષણ, આરોગ્ય અને ગ્રામીણ વિકાસ પ્રવુતિઓ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે બાકી સી.એસ.આર ખર્ચની ૧૫ % રકમ વિવિધ અન્ય લક્ષ્યાંકો હેઠળ કરવામાં આવેલ છે.

સી.એસ.આર. કાયદાની અનુસૂચિમાં સ્લમ વિસ્તાર વિકાસ ને ધ્યાને રાખવામાં આવેલ છે જે ટકાઉ વિકાસનાં ૦૬ લક્ષ્યાંક સાથે સંકળાયેલ હોવા છતાં કાયદાનાં અમલીકરણ બાદ થયેલ કુલ ખર્ચ પૈકી ફક્ત ૨૫૩ કરોડ રૂપિયા (૦.૩૨%) જેટલી નહીવત રકમ વપરવામાં આવેલ છે. અહી સ્લમ વિસ્તાર પાછળ થયેલ ઓછો ખર્ચ એ શહેરીકરણ નો હિસ્સો હોવાનું હોઈ શકે કારણકે મોટે ભાગે ગ્રામીણ વિસ્તાર કે અર્ધ ગ્રામીણ વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગો પોતાનાં વિસ્તારમાં કે સરકારશ્રી દ્વારા નોટીફાઈડ વિસ્તારોમાં કામો કરવાનું વધુ પસંદ કરતાં હોવાથી સી.એસ.આર. કમિટી સ્લમ વિસ્તાર પર ઓછું આયોજન કરતાં હોવા જોઈએ. સરકારશ્રી દ્વારા માન્યતા પ્રાપ્ત ઈન્સ્ટીટ્યુટ ઉદ્યોગ અને ટેક્નોલોજી સ્ટાર્ટપ પર નવનીકરણ કે ઈનોવેશન પર કામ કરવા માંગતી હોય કે પછી કામ કરી રહેલ હોય તો આ ઈન્સ્ટીટ્યુટને કંપનીઓ સી.એસ.આર હેઠળ ખર્ચ કરી શકે છે જે ટકાઉ લક્ષ્યાંક ૮,૯,૧૨ અને ૧૩ ને હાંસલ કરવામાં મદદરૂપ બની શકે છે. જ્યારે કાયદાની અનુસૂચિમાં સામેલ મહિલા સશક્તિકરણ (૨.૭૭%) , કલા અને સાંસ્કૃતિની જાળવણી (૧.૩૪%)તેમજ રમત ગમત પ્રોત્સાહન (૧.૨૬%) વિષયોમાં કંપનીઓ સી.એસ.આર ખર્ચ કરી શકે છે અહી છ વર્ષના સમયગાળામાં પ્રસ્તુત વિષયોમાં સૌથી ઓછો ખર્ચ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આ વિષયો ટકાઉ લક્ષ્યાંક ક્રમાંક ૧,૫,૮,૯,૧૦ અને ૧૧ માં ઉપયોગી નિવડી શકે છે.

કંપનીઓ એ દાખલ કરેલ સી.એસ.આર કામગીરી રીપોર્ટમાં હજુ પણ કેટલીક કામગીરી ને શેડ્યુલ્ડ ૭ હેઠળ ક્યાં વિષયમાં મુકવી તેનો ચોક્કસ ખ્યાલ ન હોવાથી ઉપરોક્ત કામગીરીનાં ખર્ચ નોંધણી વિષે અસમંજસ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે આથી આવી ડુપ્લીકેટ વિષયોની કામગીરીઓ માટે ચોક્કસ વિષય હેઠળ આવતી ચોક્કસ પ્રવુતિઓ અને તે પ્રવુતિ પાછળ આયોજિત રકમ અને ખર્ચની વિગતો અને વિસ્તાર સાથેનો ડેટા બેજ સોફ્ટવેર સરકારશ્રીનાં મંત્રાલયો, કંપનીઓ, રાજય અને સ્થાનિક કક્ષાએ કાર્યરત આયોજિત સ્થાનિક બ્યુરોક્રેટ્સ દ્વારા નિર્ધારિત થવો ખુબજ જરૂરી છે જેથી જે તે વિસ્તારની સી.એસ.આર. અમલીકરણ અજેન્સીઓ અને કંપનીઓ આયોજન વખતે વિકાસનાં કામોનું ડુપ્લિકેશન ઓછુ અથવા નહીવત કરી શકાય.

**૭. સારાંશ:-**

કંપની કાયદાનાં અમલીકરણ બાદ સી.એસ.આર પ્રવુતિ હેઠળ મહત્તમ ખર્ચ શિક્ષણ અને આરોગ્ય પાછળ કરવામાં આવતો હોવાનું જાણવા મળેલ છે જયારે મહિલા સશક્તિકરણ, ખેલ પ્રવુતિ કે સ્લમ વિસ્તાર વિકાસ પાછળ સી.એસ.આર ખર્ચ ઓછો હોવાનું માલુમ પેડલ છે. કાયદાની અનુસૂચિમાં માં નિર્ધારિત વિષયો પૈકી કટેલા વિષયો પર હજુ પણ કાયદામાં સ્પષ્ટીકરણનો અભાવ હોવાનું જોવા મળે છે જેમકે ગ્રામીણ વિકાસ પ્રોજેક્ટ વિષયમાં એક કરતાં વધુ પ્રવુતિઓ જેમ કે શિક્ષણ,આરોગ્ય,કૌશલ્ય વિકાસ, કુદરતી સંશાધનોનો નો સમાવેશ થાય છે. આ જ વિષયોનો અનુસૂચિ ૭ માં સ્વતંત્ર ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી કંપનીઓ દ્વારા સી.એસ.આર.કાયદાનાં આયોજન,અમલીકરણ અને ખર્ચ નોધણી માટે અસમંજસ પરિસ્થીતીનું નિર્માણ થતું હોય તેમ લાગે છે એટલે જ કદાચ ઉપરોક્ત વિશ્લેષણમાં કેટલીક કામગીરીઓમાં ખર્ચનું પ્રમાણ ઓછું હોઈ શકે જે વધુ તપાસનો વિષય છે. સી.એસ.આર નું સૌથી વધુ બજેટ રિસર્ચ અને ડેવલોપમેન્ટ તેમજ ઉદ્યોગ અને ટેકનોલોજી સ્ટાર્ટઅપ પ્રવુતિઓમાં ફાળવામાં આવે તો વધુ જરૂરી છે. જે રીતે ટકાઉ વિકાસ લક્ષ્યાંકો ને ૧૬૯ પેટા લક્ષ્યાંકોમાં વિભાજીત કરવામાં આવેલ છે. તેજ રીતે સી.એસ.આર.કાયદાની અનુસૂચી ૭ માં દર્શાવેલ ૧૨ વિષયોને પણ વિભાજીત કરી નિર્ધારિત ૧૬૯ પેટા ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે સાંકળી વિવિધ સામાજિક,આથિક અને પર્યાવરણ પ્રવુતિઓનું લીસ્ટ કોર્પોરેટ અફેર્સ વિભાગ દ્વારા દરેક કંપનીઓની સી.એસ.આર. કમિટીને સુપ્રત કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જેથી સી.એસ.આર કમિટી પોતનાં ઉદ્યોગની આસપાસનાં વિસ્તારો, તાલુકા , જીલ્લા કક્ષાએ નિર્ધારિત પ્રવુતિઓ પર સ્થાનિક ચર્ચા વિચારણા કરી શકે અને કામગીરીની જરૂર જણાઈ તો પોતની સી.એસ.આર.પ્રવુતિ સાથે સાંકળી લઈ સોશીયલ ઓડિટ દ્વારા સોસાયટી સમક્ષ કંપની સામાજિક ઉત્તરદાયિત્વનું મૂલ્યાંકન કરાવી શકે.

વૈશ્વિક સ્તરે નક્કી થયેલ ૧૭ ટકાઉ લક્ષ્યાંકોનાં ૧૬૯ પેટા લક્ષ્યાંકોને દરેક રાજ્યો પોતાનાં પ્રાદેશિક વિસ્તારની જરૂરિયાત મુજબ વધુ, મધ્યમ અને ઓછી કામગીરી એમ ત્રણ મુખ્ય કેટેગરીમાં વિભાજીત કરીને આગળ જણાવ્યા મુજબ ૧૬૯ કે તેનાથી ઓછા ટકાઉ વિકાસ લક્ષ્યાંકોને સાંકળતી સી.એસ.આર કામગીરીની નવી અનુસૂચી કોર્પોરેટ અફેર્સ વિભાગ દ્વારા રજુ કરવામાં આવે તો દરેક રાજ્યો પોતનાં વિસ્તારમાં કાર્યરત ઉદ્યોગ એકમો સાથે સહભાગિતા દ્વારા કામની જરૂરિયાત વાળા ટકાઉ વિકાસ લક્ષ્યાંકોને પરીપૂર્ણ કરી શકે. આજ મોડેલ/કામગીરીનું અમલીકરણ રાજ્ય સરકાર કાયદા હેઠળ રાજ્યની સી.એસ.આર. કમિટીનું ગઠન કરી તાલુકા,જીલ્લા અને પ્રાદેશિક વિસ્તારોમાં સી.એસ.આર એક્ટ દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્યાંકો વહેલી તકે પૂર્ણ કરી શકાય. આમ સમાજ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવા કંપની કાયદો,૨૦૧૩ માં સામાજિક ઉત્તરદાયીત્વ જોગવાઇઓનાં લીધે કંપનીઓ આ કાયદો છે એટલે કામગીરી કરવા ખાતર કરવા ને બદલે જરૂરિયાત મુજબ પરિણામ લક્ષી અને લાંબા ગાળા માટે અસરકૃત હોય તેવી કામગીરીઓનું આયોજન પોતાનાં સી.એસ..આર બજેટ હેઠળ કરે તે અત્યંત જરૂરી છે.આમ માનવ કલ્યાણ અને પર્યાવરણ જાણવણીની ઈચ્છા શક્તિ સાથે કોર્પોરેટ જગત સી.એસ.આર કાયદાનાં અમલીકરણ દ્વારા વૈશ્વિક પડકારો અને સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ થકી સંતુલિત સમાજ વ્યવસ્થાનાં નિર્માણમાં મહતમ યોગદાન આપી શકશે.

**સંદર્ભ:-**

1. Dhammika Dharma Pala & Vikramaditya Khanna (2016) “The Impact of Mandated Corporate Social Responsibility: Evidence from India's Companies Act of 2013 University of Chicago Law School PUBLIC LAW AND LEGAL THEORY RESEARCH PAPER SERIES PAPER NO.526.
2. FICCI: Corporate Social Responsibility Survey 2016 https://ficci.in/Sedocument/20361/csr_survey_ficci.pdf (Accessed on 14 August, 2021).
3. KPMG Global Compact Network of India: Sustainable Development Goals (SDGs): Leveraging CSR to achieve SDGs, First Sustainable Development Goals Summit 2017.
https://assets.kpmg/content/dam/kpmg/in/pdf/2017/12/SDG.pdf (Accessed on 8 August, 2021).
4. Ministry of Corporate Affairs (MCA). Companies Act. 2013.
http://www.mca.gov.in/ Ministry/pdf/CompaniesAct2013.pdf (Accessed on 27 August, 2021).
5. Ministry of Corporate Affairs (2019): REPORT OF THE HIGH LEVEL COMMITTEE ON CORPORATE SOCIAL RESPONSIBILITY 2018. https://www.mca.gov.in/Ministry/pdf/CSRHLC_13092019.pdf
(Accessed on 8 August, 2021).
6. Ministry of Corporate Affairs (MCA).National CSR Data Portal. https://www.csr.gov.in/static_report.php
(Accessed on 5 August, 2021).
7. NGOBOX Gujarat CSR Outlook Report 2017: A SNAPSHOT OF CSR SPEND IN GUJARAT (FY 15-16).
https://ngobox.org/media/Gujarat%20CSR%20Outlook%20Report%20NGOBOX-LT.pdf.
(Accessed on 10 August, 2021).